સુવિચાર : જેણે દિલથી ભક્તિની ફસલ કરી છે તેણે શા માટે મોક્ષ અને મુક્તિની ખેતી કરવા જવું પડે? - ઝેન કથન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૩૩ | ૨૨ જુલાઇ, ૨૦૧૫, બુધવાર ; અષાઢ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦




# શહેર વરસાદથી ભીંજાયુ : ઠંડકનો માહોલ

## આખો દિવસ વાદળછાયુ વાતાવરણ રહ્યા બાદ બપોર બાદ શહેરમાં વિવિધ સ્થળોએ હળવુ ઝાપટુ : ધોધમાર વરસાદની રાહ જોતા શહેરીજનો



ગાંધીનગર, તા. ૨૧


ગાંધીનગર સહિત સમગ્ર વિસ્તારમાં સરસ વરસાદી વાતાવરણ જામ્યુ છે. આજે આખો દિવસ વાદળછાયુ વાતાવરણ રહ્યું હતું અને બપોર બાદ બે-ત્રણ ઝાપટા પડ્યા હતા. જો કે હજુ વરસાદ મન મુકીને વરસતો ન હોવાનો વસવસો રહ્યો છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી વાદળછાયુ વાતાવરણ રહ્યું છે. આકાશમાં કાળાડિબાંગ વાદળો ઘેરાયેલા રહ્યા હતા. વાદળોનો જમાવડો હોવા છતાં વરસાદ પડતો ન હોવાથી સૌ કોઈ ચિંતિત બન્યા હતા. આજે પણ સવારથી ખુબ જ બફારો અનુભવાતો હતો. સૌ કોઈ પરસેવે રેબઝેબ બની ગયા હતા. જો કે બપોર બાદ મેઘરાજા થોડાક મહેરબાન થયા હતા. ગાંધીનગરના અનેક સ્થળોએ બપોર બાદ બે થી ત્રણ વાર ઝાપટા પડ્યા હતા. ઝરમરીયો વરસાદ વરસતો રહ્યો હતો. ધીમી ધારે વરસાદ શરૂ થતાં ખુશીની લહેરખી ફરી વળી હતી. ભયંકર ગરમી અને બફારાથી ત્રસ્ત વસાહતીઓએ વરસાદ પડતા હાશકારો અનુભવ્યો હતો. વાતાવરણ થોડાક સમય માટે ઠંડક પ્રસરી ગઈ હતી. સાંજે સચિવાલયની ઓફિસો છુટવાના સમયે ઝાપટુ પડતા કર્મચારીઓએ વરસાદમાં ભીંજાવાનો આનંદ લીધો હતો. ધીમી ધારે વરસાદ પડતા ખેડૂતો પણ થોડાક ઉત્સાહી બન્યા છે અને હજુ વધુ વરસાદની પ્રાર્થના કરી રહ્યા છે.

ગાંધીનગરમાં લગભગ એકાદ માસ પહેલા ચારેક ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો તે પછી મેઘરાજાએ લાંબો વિરામ લેતા સૌ કોઈ ચિંતિત બન્યા હતા. આખરે છેલ્લા કેટલાક દિવસોથી વરસાદી વાતાવરણ બંધાતા સૌને સારા વરસાદની આશા બંધાઈ છે. ઝરમર વરસાદ આજે પડ્યો હતો પરંતુ ધોધમાર વરસાદની અપેક્ષા હજુ સુધી પૂર્ણ થઈ નથી. દક્ષિણ ગુજરાતના ઘણા વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. અમદાવાદમાં પણ સારો વરસાદ છે. એવો જ ધોધમાર વરસાદ શહેરમાં વરસે તો વરસાદની લાંબા સમયથી જોતાતી આતુરતાપૂર્વકની રાહનો અંત આવે તેમ છે. આજે મહત્તમ તાપમાન ૩૨.૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૮.૫ ડિ.સે. નોંધાયું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૭૮ ટકા અને સાંજે ૭૮ ટકા રહ્યુ હતુ.


(તસવીર : દિપક જાની)




(તસવીર : કશ્યપ નિમાવત)

### અમદાવાદમાં વરસાદની રમઝટ

અમદાવાદ, તા. ૨૧

ગુજરાતના વિવિધ ભાગોની સાથે સાથે અમદાવાદમાં પણ બપોર બાદ વરસાદની શરૂઆત થઈ હતી. લાંબા વિરામ બાદ વરસાદની શરૂઆત થતા લોકોના ચહેરા ઉપર ખુશી જોવા મળી હતી. છેલ્લા બે ત્રણ દિવસથી વાદળછાયુ વાતાવરણ જોવા મળી રહ્યું હતું અને વરસાદ પડશે તેમ માનવામાં આવી રહ્યું હતું. આખરે વરસાદની એન્ટ્રી શરૂ થઈ હતી. બપોર બાદ શરૂ થયેલા વરસાદના કારણે કેટલીક જગ્યાઓએ પાણી ભરાઈ ગયા હતા. અમદાવાદ શહેરમાં સૌથી વધુ પૂર્વ ઝોનમાં ૨૮.૮૩ મીમી અને સૌથી ઓછો દક્ષિણ ઝોનમાં ૪.૨૫ મીમીની આસપાસ વરસાદ નોંધાયો હતો.

# દક્ષિણ ગુજરાતમાં વાવણી લાયક વરસાદ : ખેડૂતો ખુશ

### રાજ્યના અનેક ભાગોમાં ભારે વરસાદ : કપરાડામાં સાત ઈંચ : ધરમપુરમાં પાંચથી વધુ, પારડીમાં બે ઈંચથી વધુ વરસાદ

અમદાવાદ,તા. ૨૧

મુંબઈમાં ભારે વરસાદની સાથે સાથે ગુજરાતના વિવિધ ભાગોમાં પણ લાંબા વિરામ બાદ ફરીવાર વરસાદની બીજી ઈનિંગ્સ શરૂ થઈ ચુકી છે. આજે બપોર બાદ ગુજરાતમાં ઠેર ઠેર ભારે વરસાદ પડ્યો હતો. મોટાભાગે દક્ષિણ ગુજરાતમાં વરસાદે જોરદાર સપાટો બોલાવ્યો છે. કપરાડામાં સાત ઈંચ અને ધરમપુરમાં પાંચ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. કચ્છ, ઉત્તર ગુજરાતમાં હજુ વરસાદી માહોલ દેખાઈ રહ્યો નથી. જૂન માસમાં વાવેતર બાદ પાકને નુકસાન થશે તેવી દહેશત દેખાઈ રહી હતી પરંતુ વરસાદની ફરી એન્ટ્રી થતાં રાહત થઈ છે. મેઘરાજાની ફરી એન્ટ્રી થતાં હવે શાકભાજી અને અન્ય ખરીફ પાકને જીવતદાન મળી જશે. સુરતમાં ભારે વરસાદ થયો છે.

તાપીના ઉપરવાસમાં વરસાદના લીધે ઉકાઈ ડેમની જળસપાટી વધી છે. નર્મદા જિલ્લાના તાલુકાઓમાં ભારે વરસાદ થયો છે જેમાં ડેકિયાપાડામાં નવ મીમી, ગુરુડેશ્વરમાં ૨૪ મીમી, નાંદોહમાં ૨૬ મીમી, શાકબારામાં ૩૧ મીમી વરસાદ થયો છે. સુરત જિલ્લાના તાલુકાઓમાં ઉમરપાડામાં ૨૨મીમીની આસપાસ વરસાદ નોંધાયો છે. વલસાડ જિલ્લાના તાલુકાઓમાં સૌથી વધારે વરસાદ થયો છે. ધરમપુરમાં પાંચ, કપરાડામાં સાત ઈંચ વરસાદ થયો છે. પારડીમાં બે ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. મધ્ય ગુજરાતના આણંદ, નડિયાદ, વડોદરા અને પંચમહાલના વિવિધ ભાગોમાં ભારે વરસાદ થયો હતો જ્યારે ગાંધીનગર, કડી, મહેસાણા, પાલનપુર અને આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદ થયો હોવાના અહેવાલ મળ્યા છે. ગુજરાતમાં પણ ભારે વરસાદની ચેતવણી હવામાન વિભાગ તરફથી જારી કરવામાં આવી ચુકી છે. મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશ ઉપર સર્જાયેલા હળવા દબાણના પરિણામ સ્વરુપે સમગ્ર ગુજરાતમાં ભારે વરસાદ થઈ શકે છે. લો પ્રેશરના કારણે ભારે વરસાદની શક્યતા દેખાઈ રહી છે.

# ઈ-ધરા કેન્દ્રમાં અરજદારને ૧૫ મિનિટમાં કાચી નોંધ પાડી અપાશે

### ઈ-ધરામાં સ્ક્રીન પર નોંધ પાડવાની કામગીરી બતાવાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકાઓના ઈ-ધરા કેન્દ્રમાં ખાતેદારને કાચી નોંધ ૧૫ મિનિટમાં પાડી આપવામાં આવશે. એટલું જ નહિ નોંધ પાડવાની સમગ્ર કાર્યવાહી અરજદારને ત્યાં મુકાયેલ સ્ક્રીન પર પણ દેખાશે.

આજે જિલ્લાના મહેસુલી અધિકારીઓની બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ આ નિર્ણયની વિધિવત ઘોષણા કરી હતી. આમ કરવાને કારણે ભુલ સુધારણા અંગેની કામગીરીમાં ઘટાડો થશે અને તંત્રના કર્મચારીઓનો સારો એવો સમય પણ બચશે.

જિલ્લા કલેકટરશ્રી રવિશંકરે આજે જિલ્લા મહેસુલી અધિકારીઓને આર.ટી. એસ.ના કેસોના નિકાલ માટે ઝુંબેશ સ્વરૂપે કામગીરી કરવા જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે આર.ટી.એસ.ના કેસોનો નિકાલ મહત્વની બાબત છે એટલે ગંભીરતા દાખવી ઝુંબેશ રૂપે કાર્યવાહી કરવી. તેમણે મહેસુલી અધિકારીઓને ગ્રામ્ય વિસ્તારની સમયાંતરે મુલાકાત લઈ ગ્રામજનોના પ્રશ્નો સાંભળી અને તેના નિકાલમાં ગતિ આવે તે માટે પણ કાર્યવાહી કરવા જણાવ્યું હતું.

આજની આ બેઠકમાં વૃક્ષછેદનની પ્રવૃત્તિ ગેરકાયદે થતી રોકી શકાય તે માટે જે તે સર્કલ ઓફિસરે ૭૨ કલાકમાં જ પોતાનો અભિપ્રાય આપવાનો રહેશે અને પ્રક્રિયા ઝડપી બનાવવી પડશે.

આ બેઠકમાં ડિસેમ્બર અંતિત તુમાર ઝુંબેશની સમીક્ષા કરી થયેલ કામગીરી બદલ સંતોષ વ્યકત કર્યો હતો પરંતુ છેલ્લા છ માસમાં ઉભા થયેલા નવા તુમારોનો પણ ઝડપી નિકાલ થાય તે જોવા જણાવ્યું હતું. જિલ્લામાં છ માસમાં ૧૩૦૦થી વધુ નવા તુમાર ઉભા થયા છે.

ચોમાસાના દિવસો હોવાથી કોઈ અપ્રિય ઘટનાઓ ના બને તે માટે ગ્રામીણ વિસ્તાર અને ખાસ કરીને નદીકાંઠા વિસ્તારો પર ચાંપતી નજર રાખવા અધિક નિવાસી કલેકટર શ્રી કાલરિયાએ અધિકારીઓને જણાવ્યું હતું.

વરસાદી પાણીનો નિકાલ ઝડપથી થાય તેમજ ટ્રાફિકના પ્રશ્નો ઉભા ના થાય તે જોવા પણ તંત્રને તાકીદ કરવામાં આવી હતી. શ્રી કાલરિયાએ જિલ્લાના તમામ તાલુકાઓમાં કંટ્રોલ રૂમો પર સતત નજર રાખવા પણ જણાવ્યું હતું.

# મનપાનો ગરીબ કલ્યાણ મેળો ૮મી ઓગષ્ટે યોજાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર મહાનગરપાલિકાનો પ્રથમ ગરીબ કલ્યાણ મેળો ૮મી ઓગષ્ટના રોજ યોજાશે. જેમાં રાજય ગૃહ મંત્રી શ્રી રજનીકાન્તભાઈ પટેલ ખાસ હાજરી આપશે.

આગામી ૭ થી ૯ ઓગષ્ટ દરમિયાન રાજયભરમાં પ્રથમ તબક્કાના ગરીબ કલ્યાણ મેળા યોજાવાના છે. ગાંધીનગર મહાનગરપાલિકાની રચના પછી પ્રથમવાર સ્વતંત્ર રીતે તેનો અલાયદો ગરીબ કલ્યાણ મેળો યોજાશે.

પ્રથમ ગરીબ કલ્યાણ મેળા દરમિયાન ત્રણ હજાર જેટલા લાભાર્થીઓને આવરી લેવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. મહાનગરપાલિકા દ્વારા આમ તો તેના લાભાર્થીઓને પ્રાંત ગાંધીનગર સાથેના મેળામાં જોડી દેતા હતા પરંતુ રાજય સરકારે આ વખતે મનપાની વાત કાને ધરી ન હોવાથી તંત્ર એ તેનું ધ્યાન આયોજન પર કેન્દ્રીત કર્યું છે.

આમ તો ગાંધીનગર શહેરમાં બીપીએલ પરિવારો છે નહિ પણ ખાસ કરીને સખી મંડળ તેમજ શૌચાલયોના લાભાર્થીને સાંકળી લેવામાં આવશે. યોજનાઓમાં ઉમ્મીદના લાભાર્થીઓને આવરી લેવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ મહાનગરપાલિકાએ રાજય સરકારે અલગથી જ મેળો કરવાનો રહેશે તેવા આપેલા સ્પષ્ટ સંકેતોને પગલે આયોજનની પ્રક્રિયા હાથ ધરી છે. આ માટેના સ્થળની પસંદગી આગામી એકાદ દિવસમાં કરી દેવામાં આવે તેવી શકયતાઓ છે.

# ગ્રામસભા અભિયાનમાં રજુ થયેલા ૩૪૫ પ્રશ્નો પૈકી ૧૨૮ પ્રશ્નો વણઉકલ્યા રહ્યા

### ગ્રામસભા અભિયાનમાં ૪૧ હજાર લોકો જ જોડાયા : સૌથી વધુ પ્રશ્નો ગાંધીનગરમાં તો માણસામાં સૌથી વધુ વણઉકલ્યા પ્રશ્નો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લામાં ગ્રામસભા અભિયાનના ૨૭મા તબક્કામાં ૩૪૫ પ્રશ્નો રજુ થયા હતા. જે પૈકી ૧૯૫ પ્રશ્નોનો સ્થળ પર જ હકારાત્મક ઉકેલ લાવવામાં આવવ્યો હતો.

આ અભિયાન દરમિયાન રજુ થયેલા પ્રશ્નો પૈકી ૧૨૮ પ્રશ્નો વણ ઉકલ્યા રહેવા પામ્યા છે. જયારે ૩૨ પ્રશ્નોનો નકારાત્મક ઉકેલ આવ્યો હતો.

આ અભિયાનમાં જિલ્લાના ૨૫૪ ગામમાં ગ્રામસભાઓ યોજાઈ હતી. ગ્રામસભા અભિયાનમાં ૪૧૮૮૯ લોકો જોડાયા હતા જેમાં ૨૯,૪૯૬ પુરુષ અને ૧૨૭૯૫ સ્ત્રીઓનો સમાવેશ થાય છે.

જિલ્લામાં સૌથી વધુ પ્રશ્નો ગાંધીનગર તાલુકામાં ૧૬૮ રજુ થયા હતા. જે પૈકી ૯૬નો સ્થળ પર નિકાલ થયો હતો જયારે ૪૭ પ્રશ્નો વણઉકલ્યા રહેવા પામ્યા છે.

જિલ્લામાં સૌથી ઓછી હાજરી કલોલ અને માણસા તાલુકામાં નોંધાઈ છે. અહીં પંચાયતોની પેટા ચૂંટણીઓ પણ હતી. કલોલમાં માત્ર ૫૪૧૫ લોકો જ અભિયાનમાં જોડાયા હતા જયારે માણસામાં ૬૭૮૦ લોકો જોડાયા હતા.

માણસા તાલુકામાં અભિયાન દરમિયાન રજુ થયેલા ૮૯ પ્રશ્નો પૈકી ૬૮ પ્રશ્નો વણ ઉકલ્યા રહેવા પામ્યા છે. જિલ્લામાં સૌથી વધુ વણઉકલ્યા પ્રશ્નો પણ માણસામાં રહેવા પામ્યા છે. જિલ્લામાં ગ્રામસભા અભિયાનને સૌથી નબળો પ્રતિસાદ સાંપડયો છે.

ગાંધીનગર જિલ્લામાં આ અભિયાનમાં બીપીએલ પરિવારના સભ્યોની હાજરી પણ ઓછી જણાઈ છે.







